અમદાવાદ | શુક્રવાર | 17 ફેબ્રુઆરી 2012

## સાલ હોસ્પિટલે વર્ષોની પીડામાંથી મહિલાને મુક્તિ અપાવી

૧૬ વર્ષની ઉંમરથી જ પથારીમાં દિવસો વિતાવતી ઉદયપુરની ૨૮ વર્ષીય સુશીલા પાલીવાલને સાલ હોસ્પિટલના જોઈન્ટ રિપ્લેસમેન્ટ નિષ્ણાત ડૉ. જીતેન્દ્ર જૈને આધુનિક ટેક્નોલોજીની મદદથી મુક્તિ અપાવી હતી. મજબૂત મનોબળ ધરાવતી સુશીલા જ્યારે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થઈ એ દરમિયાન જ તેને જાણવા મળ્યું કે, તેની માતાને કેન્સર છે. જેથી હવે તેઓ પોતાનું સુખ ભૂલીને માતાની સેવા કરવાના ઉદ્દેશ્ય સાથે ઝડપથી સાજા થવા માટે હોસ્પિટલમા દાખલ થયા. જ્યાં તેમનું ઓપરેશન થયાના બે મહિના બાદ હવે તેઓ એક ટેકા સાથે ચાલી શકતા હતા. જેના પગલે તેમને ખુશી તો મળી પરંતુ તેમણે માતાને ગુમાવી દીધી. તેમ છતાં તેમણે પોતાનો જુસ્સો ટકાવી રાખ્યો છે અને લોકોને સલાહ આપે છે કે, જો તમે જિંદગીથી હારી ગયા હોવ તો પણ સફર ચાલુ રાખો કારણકે જીવન એ સફર ચાલુ રાખવા માટે જ છે.